ખેતીવાડી પ્રથમ વિચાર.

પોથી ત્રીજી, ભાગ ૧ લો.

વિચારનાર,

ખેતીવાડીના ઉપદેશક અને દેશદાઝજ્ઞ,

આદિતરામ સહુખરામ પારધી સમીવાળા,

વડનગરા ગૃહસ્થ નાગર.

પાટણકર—હાલમાં અમદાવાદ.

અમદાવાદ

ધી એડવર્ડ પ્રિન્ટીંગ પ્રેસ-ઠે. મુંબઇ બેંક પાસે.

આવૃત્તિ ૧ લી, પ્રત ૨૦૦૦

સંવત ૧૯૫૮ સને ૧૯૦૨

મુલ્ય. રૂ. ૦-૧-૦.

પસ્તાવના.

ખેતીકારોને મુક્ષ એ સમજવાનું છે કે પોતે ખેતીનો ધંધો ચલાવે તે ધંધો તેમને વંશ પરંપરા અગર લાંબી મુદત સુધી લાભ વાળો થાય એવું કરવું એ ડહાપણનું કામ છે તે ડહાપણને દોષ લગાડનાર કામ આ ખેતીમાં એટલે ભેજામાં થાય છે એ દાખલો સમજવાનું એક સાધન છે તેથી ભેજાનું જ્ઞાન અને હુનર કરતાં તેમાં દોષ ન આવે એ વીચારવું એ મુક્ષ ખેતીકારોનું કામ છે તેમજ આકાશીયાને કુવેતર કરતાં ભેજાની ખેતીમાં મોટો નફો છે એ પુરે પુરો કેમ ભોગવાય તે ખેતીકારોએ લક્ષમાં રાખવું તોજ સુખ છે પોથી પહેલી બીજી અને આ ત્રીજીના પહેલા ભાગો એ એક છોડના થડ તરીકે છે અને તેની શાખાઓ અને પર સાખાઓ જેટલી ધારીશું તેટલી બની શકસે તેથી ખેતી કારોએ આ થડ હમેશા ધ્યાનમાં રાખવાથીજ લાભ છે તે લાભ પુરણ લેવા માટે દરેક ખેડુતે પોતાના ઘરમાં લાયબ્રેરી જેવો સંગ્રહ કરવો તોજ મીઠાં ફળ મળશે અને પોતાના વીચારો કરતાને બતાવવાથી સુખ ની પામી થવાની.

કર્તા.

ગુજરાત, કાઠીયાવાડ અને કચ્છના જમીનના માલીક અગર તેમના કામદાર કે ખેડુતોને માટે.

ભાષણ

ભેજાના ગામ અગર ભેજાની જમીન બાબત.

ઉપદેશક પોતાની પાસે એક સવાલ મુકે છે કે? ભેજાના ગામ અગર ભેજાની જમીન એટલે શું ? આ સવાલ વીચારતાં, આકાશીયા એટલે વરસાદના પાણીથી ખેતી કરનાર પોતાના ખેતરમાં, સરસવ, એરંડા અરસી, ચાસીયા ઘઉં, ચણા, કે ચણી વીગેરે પીત વગર ભેજાથી પકાવે છે, તેનું નામ ભેજાના ગામ કે જમીન છે ? એમ કોઇથી કહેવાય નહીં કેમકે તે ભેજો તો ખેડુતે જમીન ખેડવાની મેહેનત કરી પોતાની કળાથી રાખેલો છે માટે તે કુદરતી ભેજો નથી. કદાપી કુવાવાળા એક કે બે પીત કરી ભેજો ઉત્પન્ન કરી મોહોલ છોડ વાવી માલ પકાવે છે, તે પણ મેહેનતનુ ફલ છે માટે તેનું નામ પણ ભેજો નથીપરંતુ કુદરતથી જમીનમાં આપો આપ પીત કરી શકાય એવું પાણી ઉત્પન થઇ ખેતીના મોહોલ છોડ ઉત્પન કરી શકાય તેવું પાણી જમીનની ઉપર આવે છે અગર ખેતી વાવીએ તેને તેવું કુદરતી પાણી પોષણ કરે તેવું નીચે જમીનમાં હોય છે તેનુ નામ ભેજો છે તેના ઉદારણ એટલે દાખલા નીચે મુજબ.

૧ જે નદીએના ભંડારમાં રેતી પડી હોય, તે રેતને થોડી આગી પાછી કરવાથી નીચે પાણી આવે છે, તેવી ભંડારની રેતની જમીન તે ભેજાની જમીન છે.

૧ જે નદીઓમાં અગાડીથી એટલે તેના મુલમાંથી માટી ખાતર વીગેરે પુર વખતે ખેંચાઇ આવે છે પછી તેનો કંપ પડે છે અગર પડયો હોય તે કંપમાં પાણીનો ભેજ ખેતીના મોહોલ છોડ પાકી શકે તેવો

કાયમ રહ્યો હોય તે ભેજાની જમીન છે.

૧ જે નદીના કાંઠા માટીઆરી જમીનના હોય તે જમીન નદીમાં પુર આવે તેના વેન કે વેગથી કપાઇ જઇ બેટ પડયા હોય તેવી કે ટેંબા થયા હોય તેવી જમીનમાં મોહોલ છોડ પેદા થઇ શકે તેટલું પાણી પકડી રાખ્યું હોય તેવા બેટ ટેંબા કે જમીન તે ભેજાની જમીન છે.

૧ જે નદીને કાંઠે માટીયાળી જમીન હોય તેવી જમીનને ઠેકાણે નદીમાં જ્યારે પુર આવીને ઉભરાઇ જાય ત્યારે પાણી રેલાઈ જમીન પર ફરી વળતું હોય તેમજ વખતે પાણીમાં આવેલો કુંપ પણ ઠરી જઇ પડતો હોય તે પાણીથી જમીન ભેજો પકડી રાખતી હોય અને તેથી ખેતી પાકતી હોય તે જમીન ભેજો છે.

૧ નદી અગર તેનું વેન કે કોતર વીગેરે કાંઇન હોય પણ જમીન-માંથી આપો આપ હેજ મારી વરસાદનું પાણી પકડી રાખતી હોય ને તે પાણીથી ખેતી પાકે તેવું હોય તે જમીન પણ ભેજો છે.

૧ કોઇ તલાવ કે કોઈ પ્રકારનો પાણીનો જથો અગર પ્રવાહ સુકાવા માંડવાથી તેમાં વાંવવા લાયક જમીન થાય છે તેને પણ ભેજાની જમીન માં ગણે છે.

ઉપર મુંજબ જ્યાં કુદરતે પોતાના કામથી જમીનમાં ભેજ રાખ્યો હોય છે અગર જમીન તેવો ભેજો પકડી રાખે છે, પરંતુ તેવો ભેજ રા-ખવા ખેડ વીગેરે કોઇ પ્રકારની મજુરી કે કળા કરવી પડતી નથી પણ તેમાં પાણી રહે છે. અને તેમાં ખેતીનુ કામ કરવામાં જ્યારે મજુરી કરવી હોય તે વખત કરવાની સવડ છે અગર ખેતીકારો સવડનો લાગ રાખી તેમાં કામ કરે છે. અગર તે ભેજના લાગ લેઇ સવડ કરીએ તો થવા જેવું છે તેનું નામ પણ ભેજાની જમીન છે. પરંતુ કદાપી તેમાં વધારે પાણી રહેતુ કે વહેતુ હોયતો તે જમીન ખોળની જમીન કહેવાય

છે અને તેવું પાણી ઘણુંજ રહેતુ હોય તો તે જમીનને ધરો કહે છે કે વેન કહે છે તેમજ કેટલીએક કાંણી જમીનની અંદરના તળાવ વીગેરેથી ભરાઇ રહેલુ પાણી હોય તેમાંથી ઝમતું પાણી—તેના પ્રવાહને પણ ભેજામાં ગણીને લોક ઉપયોગમાં લેછે.

આવી રીતના સંજોગો વાળી જમીન હોય છે તેવે પ્રસંગે તેને ભેજાના ગામ કહે છે તેવું હાલ કયાં કયાં છે તે વીચારતાં દરેક નાની મોહોટી નદીઓમાં ભેજાની ખેતી થાય છે વળી મોહોટી નદીઓ જેમાં રેતનો ભાગ હોય ત્યાં ભેજાની ખેતી થાય છે દાખલા તરીકે જેમ માહાજમ, મેસવો, વાત્રક, ખારી, સાબરમતી હાથમતી, મહી, રેવા અગર નર્મદા, તાપી, સેતરંજી, ભાદર, વીગેરે નદીઓ અનેક છે તેમાંની જે રેવા ઉરફે નર્મદા છે. તેમાં બેટો ટેંબાઓ અને તળમાં તેમજ કાંઠાપરની જમીનમાં ખેતી થાય છે તે ભેજાની છે તેમજ ડુંગરોની હારોની ખીણોમાં તેવી ભેજાની જમીન હોય છે.

ગુજરાતમાં તો હાલમાં એવાં તળાવ નથી પણ મેવાડમાં ઢેબર નામનુ તલાવ છે તેવા તળાવની અંદર ભેજાની ખેતી થાય છે વળી બોળની જમીનની અંદર ધરાઓની જમીનની અંદર પણ ખેતી થાય છે. આગલ કહ્યાં મુજબ જમીનમાંથી આપો આપ ભેજ નીકળી આવે છે તેવાં ગામ અમદાવાદ જીલાના પ્રાંતીજ તાલુકામાં મોજે સોનાસણ વીગેરે ઘણા ગામોમાં તે ભેજ છે તેમાં ખેતીના કામમાં ખેડ ખાતર ને મજુરી જો બરાબર થાય તો પાક ઘણોજ લાભ આપે તેવો થાય છે તેમજ મોટા નફા મળી શ્રીમંતતાઇ આવે છે પરંતુ સમજીને ચાલવું એ ખેતીકારોનું કામછે.

પરંતુ ભેજના ગામોમાં હાલમાં જ્યાં ખેતી થાય છે તેના પર વીચાર ચલાવવો તેમ તેના ગુણ દોસો તપાસવા એજ આપણું કામ છે માટે તે તપાસણીની વીગત નીચે મુંજબ છે.

૧ જે નદીઓના ભંડારમાં રેતી પડી હોય છે. તેમાં જે ખેતી થાય છે. તેમાં ઉકરડાનું ખાતર નાંખવામાં આવે છે. તે કામ સામાન્ય વીચારથી બરાબર થતું નથી. કેમકે તેમાં નફા કરતાં નુકસાની ઘણી ભારે છે ખેતરોમાં ખેતી કરનાર ખેતીકારો જો એવી રેતીમાં ઊકરડાનું ખાતર નાંખી ખેતી કરી નફો મેળવવાનો ધંધો કરતો હોયતો તે ખેતીકારોમાં તેનું કામ ડાહ્યામાં અગર ડહાપણ વાળુ ગણાતું નથી પરંતુ વગર સમજનો છે. એમ માનવામાં આવે છે કેમકે રેતમાં ખેતી કરવામાં જે ખાતર વાપરયું હોય તેમાંથી તે વખતના છોડ મોહોલને તેનો કસ ચુસતાં અગર ખાતાં જો વધ્યું અગર બચ્યું હોય તે બીજે વરસ કામમાં આવતું નથી એ મોટામાં મોટી તેમાં ખોટ છે.

વળી તેવી રેતમાં ખેતી કરનાર ખેતીના કામમાં મુડીદાર ગણાતો નથી અને વતનદાર થઇ શકતો નથી તેમજ તેની ગણતરી મુસાફર ખેડુતમાં હોય છે તેમ ખેતીની દોલતને બગાડનાર યા બેરી નાંખનાર અગર દાટી દેનાર ગણાય છે તેથી તેને ખેડુતો પોતાની ખેતીનો દુસમન માને છે કેમ કે તેવી રીતની ખેતીમાં ઉકરડાનું ખાતર હોય તેમાંથા જેટલુ વાપરયું હોય તેથી ખેતરોમાં ખાતર નાંખવામાં જે ખોટ આવે છે તેનો હીસાબ કરવાથી તેમાં જે રેતીમાં પાક આવેલો હોય છે અગર આવે છે તેની કીંમતનો બદલો વાળવાને તે કીમતી નથી એટલે તે ઉપજ વધી શકતી નથી વળી તેમાં નુકસાની એ છેકે ઉંકરડાનું ખાતર કાંઠાપરની જમીનમાં હોય છે. નદીઓને વાંઘા કોતર ઘણા હોય છે. તેથી કાંઠાની જમીનમાંથી નદીઓના ભંડારની રેતમાં તે ખાતર લાવવાની મજુરીની કીંમત ઘણી થઇ જાય છે તેથી એ ખેતી મુંઘી પડે છે એ વાત જુદી છે.

વળી તેમાં જે છોડ મોહોલ વાવવામાં આવે છે તેમાં તેના નામ

તળીયા જાતની ખાટી ટેટી, મીઠી ટેટી એટલે સકર ટેટી, અને તડબુચ એવું ઘણું વાવેતર હોય છે તે ફસલીયા મોહોલ છે તેથી દરેક જણાએ તેવું વાવ્યું હોય છે તેથી તમામની ફસલ એક સાથે આવે છે. અને તે ફસલમાં પકાવેલો માલ લાંબી મુદત રહી શકે તેવો પાકતો નથી તેથી તેની કીંમત મનમાનતી આવતી નથી વળી તેની ખેતી મોહોટાં સહેર સહેરો, કસ્બા, મોટાં ગામોમાં અગર તેમની પડોસકે નજીકના ગામોની હદમાં વાવેતર કરેલું હોય છે તો તો મહેનતનુ કાંઇક ફળ મળે છે પરંતુ તેવો લાગ રાખ્યા વીના જેમણે એવું વાવેતર કરયું હોય છે તેમને નફો મળતો નથી તેમજ વધારે વાવેતર કરી શકતા નથી. તેથી તેનો વધારે લાભ લેઇ શકતા નથી. તેવાઓને તો પોતાના મનનો સોખ કરવાનોજ લાભ મળે છે. એમ જણાય છે. તેથી સાર્વજનીક પેંદા કરવાનું તેમાંથી સાધન હાથ આવતું નથી ફક્ત પોતાનો સોખ પુરો થાય છે અગર પેટ ભરાય છે. પણ જો બટાટા, કુંગરી, ડાંગર, કે તડકીયા મગ નું વાવેતર વધારી તેને સંઘરવાનું ને વાપરવાનું જાણવામાં લેઇ ઉપયોગ કરે તો તેમાં લાભ છે.

વળી ઉકરડાંમાંનું ખાતર ન વાપરતાં નદીમાં પુર વખતે જે કંપ તણાઇ આવી કાંઠાના વાંઘા કોતર કે રેતપર જામી ગયો હોય, તે પુર ઉતર્યા પછી ઠરીને લેવા જેવો થાય તે વખતે તે ગામના ખેતીકાર વર્ગ ના લોકો પોતે ભેગુ કરી બીજા પુરમાં તણાય નહી તેવી જગામાં રાખી પછી ખાતરના કામમાં વાપરે અને ખુંટતું ખાતર જણાયતો મછડીયા વગેરેનો ચુનો પકાવી એ ચુનાનું ખાતર તેમાં વાપરે તો ઘણો મોટો લાભ છે અને મજૂર વર્ગ તેની ખેતી કરવાથી પોતાનો ખર્ચ સુખે કાઢે તેવું રળી શકે તેમ છે.

૧ નદીના ભંડારની રેતી ઉપર કંપ પડી જમીન બની હોય

તેને કુંડલા વીગેરે કહે છે તેમજ ટેંબા કે બેટ પડી જમીન બની હોય છે તેમાં જેવી જમીનનું દળ થયું હોય તેવું તેમાં તમાકુ, એરંડા. રીંગણી, વીગેરે બફાલુ કે રવીનું વાવેતર થાય છે પણ તેવી જમીન પણ જાથુના ખેતર કરવાના કામમાં આવતી નથી તેથી ખેતરોની જમીનની માફક તેમાં ખાતર નાંખી રળી શકાતું નથી. જેટલું દળ પડયું હોય તેમાં જે છોડ મોહોલ વાવી શકાય તેવા હોય તે મોહોલ વાવે છે. તેની જમીન કોઇવાર ખોદાઇ પણ જાય છે કોઇવાર નવી પણ પડે છે. અને કોઇવાર ઉપર રેતના ઢગલા બની જમીન દટાઇ પણ જાય છે. આવી દટાઇ ગએલી જમીનને કોઇવાર બે ત્રણ પડ ચઢી જાય છે તેવા પ્રસંગમાં વાવવું હોય તો બેલી નામનું ઓજાર કરાવી જમીનમાં કુવો કરી પાણી કરવા સાયડો મુકે છે તેમ બેલી મુકી તમાકુ, એરંડા કે વાલ વીગેરે વાવે છે માટે તેવી જમીનની ખેતી પણ કાયમ નથી.

૧ બેટ, ટેંબાકે જમીન ઉંચાણમાં વાવવા લાયક થઇ જાય છે તો ત્યાં જાથુના ખેતર થઇ જાય છે અને સારો નફો મળે તેવી ભેજથી તેમાં ઉમદા જમીન અને ઉમદા છોડ મોહોલની ખેતી કરી શકાય છે તેમજ નદીઓના મુખ પાસે તેમાં એવા બેટ કે ટેંબા બની તેમાં દરીયાના વાધુ અગર ઉંધાણ ચઢી પાણી ફરી વળતું હોય છે તો તેમાં ખેતી ન થતાં ખારા પાણીથી ઉગતું ગાંડીયું. આલ વીગેરે ઘાસ એટલી મોટા જથામાં થાય છે કે હજારો ઢોરને ત્યાંથી ચારો પુરો પડે છે અને ઢોરોનો મોટો વેહેપાર ચલાવી શકાય છે, અને તેમાં તંમર, વરખડા, વીગેરે ઝાડી ઉગે છે તેનું બળતણ થાય છે અને તેના ફળ પીલુ વીગેરે મોટો વેહેપાર કરીએ તેવું પાકે છે તેમજ ગાંડીયા નામની ઘાસમાંથી માણસને ખાવા લાયક તેના બીજ નીકળે છે તે મણો મણો લોકો ભેગા કરી પોતાનો ગુજારો કરે છે નર્મદા નદીમાં આલીયા નામનો મોટો બેટ

પડેલો છે તેમાં આ સર્વ નમુના જોવા લાયક અને ખેતીને તે હાલ કરતાં વધારે લાભ કેમ આપે તેનો વીચાર કરવા વીદ્વાનો અને સરકારી અમલદારોને પોતાની કાબીલીયતનો અખતરો કરવાની એક જગ્યા કે કોલેજ થઇ પડે તેવું છે.

૧ કોઇ પાણીના ધરા વેન કે ભરતની જમીન જેમ જેમ પાણી સુકાતું જાય તેમ તેમ તેના કાંઠાની જમીન ભેજાથી વવાતી જાય છે. સીયાળુ રવી કરવાની મોસમમાં જે જમીન નીકળે છે તેમાં ઘઉ, જવ, મેથી, રાઇ, રાજગરો, મકાઇ, લસણ, ડુંગરી વીગેરે તેમ સાક ભાજી વાવે છે અને ઉનાળુમાં જવાર, મકાઇ, અડદી, તડકીયા મગ, વટાણા, ઉનાળુ સાક ભાજી તેમજ તડબુચ કે કારંગડી વીગેરે થાય છે ને ઉનાળામાં કોરી પડી ચુમાસામાં થોડા થોડા પાણી રહે છે અને ભેજાવાળી રહે છે તેમાં સુરજ મુખી કેળ, વીગેરેની ખેતી કરે છે પણ કેળની ખેતીને ઉનું પાણી માફક નથી અને ભરાઇ રહેલુ પાણી તાપથી ઉનુ થઇ જવાથી કેળને નુકસાન કરે છે તેવી જગાઓને માટે સુરજ મુખીની ખેતી ઘણી જ લાભ વાળી હોય છે, કેમકે તેને ઉના પાણી થાય તો પણ નુકસાન દાખવતું નથી અને તે પાણીને વધારે ચુસી લે છે વળી એવી ભીની જમીનથી ત્યાંની હવા બગડતી જાય છે તાવ વીગેરેના રોગ વધે છે તેવી ખરાબ હવાને સુરજ મુખી સાફ કરવાના પોતાનામાં ગુણ રાખે છે અને તેના બીયાનું તેલ નીકળે છે તે તેલ લોઢાના સાંચા કામ ચલાવવામાં સાફ કરવામાં ઘણુંજ કીંમતી છે માટે આ ત્રણે પ્રાંતોમાં એવી ભેજવાળી જમીન હોય ત્યાં સુરજ મુખીની ખેતીનો વેપાર વધારવો કે ત્યાં સારી થાય અને વેહેપારમાં લાભ મળે તેવું છે.

૧ જમીનમાં આપો આપ હેજ મારી પાણી ઉપર આવી જમીન ભેજવાળી થાય છે, તેવા ભેજમાં એવી સંખ્યા સુધીનો ભેજ આવે છે

કે પાણીના વેન ચાલે છે. સેરડી જેવો વધારે પાણી માગનાર છોડ મોહોલ તે પણ પીત વગરના પાકી જાય છે. ઘહુ' ચણાથી માંડીને સેરડી સુધી એવાં ભેજ આવે છે કે તે પાકે છે પણ તેમાં ઘાસનુ જોર બહુ હોય છે તેથી ખેડવાની મેહેનત વધારે કરવી પડે છે અને તેવી ખેડવાની જમીનમાં જે ઘાસ વીગેરે કચરો ઉગ્યો હોય છે તે ખેડવાથી ટુટી જઇ માટી નીચે દબાઇ કોહી જવાથી તેમાં લીલુ ખાતર નાંખેલુ હોય એમ કસ વધે છે અને જમીન વાખમાં આવે છે તેમજ તેમાં કેટલીક જમીન ઘાસના કચરા વગરની હોય છે અગર ખેડની મહેનત કરી તેવી ઘાસની ઉતપત્તીનો નાસ કરેલો હોય છે. તેમાં વળી ઉકરડાનુ ખાતર નાંખી કસદાર કરવાથી મોટા પાક આવે છે. પરંતુ તેથી જમીનનો ભેજ જો વધે છે અગર વધારે પાણી જમીનમાં રહે છે. તો નીચે મુજબ તેમા દોશ આવી કેટલુંક પાકને નુકશાન કરે છે અને જમીનમાં ખાર ઉત્પન કરી જમીન બગાડે છે.

૧ ભેજ જમીનમાં જાથુનો રહેવાથી તેમાં ખટાસ ઉત્પન્ન થાય છે તે એક દોશ છે.

૧ તેમજ તેવી જમીનમાં પાણી ગંધાતુ થઈ જાય છે અગર જમીનની અંદર જે પાણી રહે તે પણ ગંધાતુ પાણી થઇ જમીન પાક ઉત્પન્ન થવામાં અને તેના સારા સ્વાદ રૂપ અને ગુણમાં નુકસાન કરેછે તેથી તે પણ દોશમાં છે.

૧ વળી જમીન એવી મેલી અને ચીકણી થઈ જાય છે કે તે ખેડ કરવામાં ઘણીજ મહેનત આપી ખેતીને મોઘી પડે તેવું કરે છે તે પણ એક દોષ છે.

૧ જમીનમાં ખાર—ઉસીયો તેલીઓ ખાર ફાટી આવી જમીન તદન ખેતીના કામથી ન લાયક કરી નાંખે છે માટે તે મોટામાં મોટો દોસ અને દુરગુણ છે.

ઉપરના દોસના ઉપાય.

૧ જમીનમાં ખટાઇ ઉત્પન્ન થઇ હોય, અગર થવાનો સંભવ હોય, ત્યાં જમીનને ઘાસના ઓગટ અગર તેવાંજ પદાર્થથી બાળી મુકવી.

૧ પાણી ગંધાતુ હોય તો તેમાંથી નીકો કરી પાણીનો નીસાર કરવો અને સુરજ મુખીની મોટી ખેતી ચોમાસામાં કરવાથી તે પાણીને ચુસી જઇ દોસનો નાસ કરી નાખસે તેથી સીયાળુ, ઉનાળુ પાક લેવામાં નુકસાન આવતુ નથી.

૧ જમીનમાં ખાર ફુટવાની ધાસ્તીમાં ઉંડુ ખેડવું અને ઝાડના પાંદડા મોહોલના છોડના પાંદડા લાકડાં અને ઉકરડાનું ખાતર વીગેરેનુ જોર રાખવાથી જમીનનો ખાર નાચે બેસી જસે.

૧ ચીકણી જમીનમાં રાખનુ કે કુંભારની ભઠીઓની રાખનુ કે ઇંટા નળીયાનો ઝીંણો લોટ કરી કે રેત મળતી હોય તો થોડી રેત નાંખી ખાતર જેવો ઉપયોગ કરવો કે જમીનનો વાખ વધી જમીન ફીસી થસે ને ઉત્પન સારૂ આપસે મજુરી ઓછી કરવી પડસે.

ડુંગરોની હારોની ખીણોમાં અગર તેવી જગાની નદીઓના ભંડારમાં એવી જમીન પડી હોય છે કે તેમાં મન માનતો પાક આવે તેવું હોય છે પણ ત્યાં વસ્તી ગરીબ પ્રજાને તેમાં ખેતી કરતાં આવડતી નથી અને ત્યાં ખેતી કરી શકે એવા ખેડુતો રહી શકતા નથી કેમકે હવા ઘણી ખરાબ હોવાથી તેમજ વાઘ અને તેવાંજ ઘાતકી જાનવરની બીક હોય છે તેથી અને ચોરોની બીકથી—વળી પકાવેલો માલ લાવ લેઇ જાર કરવામાં એવી મુસીબતો કે તેમાં જઇ ખેતી કરી શકાતી નથી અને જે નફો દેખાતો હોય તે ખરચમાં ખરચાઇ જવાથી નફો રહેતો નથી માટે તેવા લોકો ત્યાં જતા નથી અને ખેતી ત્યાં થતી નથી માટે ત્યાં વસ્તા લોકોને સીખવીને કામ કરવા સીખવવું કે તેમનુ દુઃખ જાય અને ખેતી પકી સુખીયા ને સદગુણી થાય.

બેજાની જમીન ક્યાં ક્યાં છે તેમાં કેવી કેવી ખોટ હોય છે. કેવી કેવી મુસીબતો હોય છે તેથી તેમાંનો નફો લેવામાં આવતો નથી તેને માટે વીચાર કરવો એ જમીનના માલીકોનું કામ છે તે કામ બરાબર થતુ નથી તેથી મહીકાંઠાના ડુંગરોમાં ઇડર, દાંતા વીગેરે રાજ્યોના સ્વસ્થાન. કાઠીયાવાડમાં ગીર, ગીરનાર વીગેરેના ડુંગરો જ્યાં જુનાગઢ વીગેરે રાજ્યોનો અમલ છે તેમજ રેવાકાંઠામાં અને ગાયકવાડના મુલકના ડુંગરોમાં તેમજ વાંસદા, ધરમપુર, અને દમણ વીગેરેના ડુંગરોમાં અખુટ નફા પડયા રહ્યા છે હજારો વીઘાં જમીન બગીચા કરવા લાયક મુલ્યવાન કંદ મુલમાં હલદર, આદુ વીગેરે ઉતપન્ન કરવામાં ઘણા પાણીની જગ્યાઓ એરીગેશન કરવા લાયકનો લાગ છે. અને અનેક કીંમતી વૃક્ષો જેમકે કલગી આંબા, સેતુરના ઝાડથી રેસમની ઉત્પત્તી વીગેરે ઉત્પન કરવાનો લાગ પડી રહયો છે અને ત્યાં વસ્તા ગરીબ લોકોને ખેતીના કામની માહીતગાર કરવાનો કોઈ ઉપાય હાથ ધરવાનો લાગ ન સંભારવાથી જે બેજની અને જમીનની ભારે ઉત્પન ઓછા ખરચથી લેવાનો પ્રસંગ હાથમાં લેવામાં આવતો નથી ત્યાં સુધી ખેતીમાં જે નુકસાન છે તે ઘણુંજ મોટું છે.

આ થતું નુકસાન કેમ રોકવું તેનો વીચાર કરતાં એવું જણાય છેકે તેવી જમીનના માલીકો પોતે તે જમીનમાંથી ઉત્પન લેવાના એવા વીચાર રાખે છે કે કોઇ ખેતીકારો પોતાના ખરચથી ખેતી કરવા આવે અને તેઓ પોતે મેહેનત કરે પરંતુ આ દેશમાં એવા મોટાં ખેતીકારો નથી કે તેવું કામ કરી શકે અગર એવાં વેપારીઓ નથી કે મીલો વધારવામાં જેમ કંપનીઓથી ભંડોળ કરે છે તેમ ખેતી કરવામાં કંપનીઓ કરી તેવું કામ માથે લે તેવા સંજોગોથી ખેતીનો લાભ મલતો નથી પરંતુ જો જમીનના માલીકો પોતે યુરોપ, અમેરીકામાં જેમ પોતાના ખરચથી ખેતી સુધારે છે તેમ અહીંની જમીનના માલીકો જે પોતે સત્તાધીસો કહેવરાવે

છે તેઓ પોતાના તરફથી ખાસ કામ કરે જેમ ભાવનગરના રાજ્યમાં મહુવા નજીકના કીનારાપર નાલીએરી વીગેરેની ખેતી કરી તે પરંતુ તે માફક જુનાગઢ અને ગાયકવાડ સરકારના મુલકોમાં જોવામાં આવતું નથી માટે તેમના તરફથી બહુ વરસીયાં કીંમતી ફળાઉ ઝાડોની ઉત્પન વધારવામાં આવેતો ખેતી લાભવાલી થાય.

માનવંતા મહારાજા ગાયકવાડ સરકાર અને કાઠીયાવાડમાંથી ગોંડલ, મોરબી વીગેરના સત્તાધીસ જેઓ યુરોપની ઘણી મુસાફરીઓ કરી આવ્યા છે તેઓ પોતાની જમીનમાં અમેરીકાનું બનાના ફલની, અને રીઆની, અળસીની અને તેવી અનેક જાતની મોટો નફો આપનારી ખેતી દાખલ કરી હીંદના દુષ્કાલને મારી હઠાવવામાં એક સાધન થઇ પડે તેવું છે પણ દેશની ખેતીના ઉદયકાળનું ચકર હજી કેટલે દુર છે તે સમજવું મુસ્કેલ છે તોપણ સત ભાગ્યનો ઉદય જાણે થવાનો વખત નજીક આવ્યો હોય અને તેની શરૂવાત ગુજરાતમાંથી થવાની હોય એમ સંભવ આવ્યો છે.

તે એવો કે આપણી માનવંતી વડી સરકારમાંમાન પામેલા આપણા માનવંતા સર પરતાપસંગજી સાહેબ હાલમાં ગુજરાતમાં ઇડરની ગાદીપર આવેલા છે અને ઈડરના રાજ્યમાં બહોળી જમીન પડતર છે અને જે રસ્તે ખેતીને લાભ કરવાં ધારીએ તેમ થાય તેવું છે અને તે મહારાજા ધીરાજ પોતાની પ્રજાને સુખી કરવાનું યત્ન કરવાની ઇચ્છાવાળા છે યુરોપના રાજ્ય વંશીઓ પોતાની જમીનને ફલવંત કરવામાં જે પ્રયાસ કરે છે તે પોતે યુરોપના ઘણા સહેવાસી છે તેથી અનુભવ પણ થયો હશે માટે તે રાજ્યમાંથી સરૂ થવાની આશાનો હાલમાં ઉદય થશે એમ સંભવછે.

પરંતુ એ આશાઓમાં આપણા મનને બે મોટી હરકતો છે તેમાં એકતો ઇડરના રાજ્ય કરતાઓ પોતાના રાજ્ય કુળનો જે મળતબો ધરાવે છે તે મલતબો સાચવી શકે તેવી એ રાજ્યની ઉજડ જમાનથી તેમને નાણાની છુટ નથી અને બીજી તે મુલકમાં કોળી ભીલ વીગેરેની જે વસ્તી જાતો છે તે જાતો જે સીપાઇ ગીરી કરનાર છે તે સીપાઈગીરી તેમ

ની છુટી જવાથી લુંટારા થયા છે. તેથી તેમની બીકથી વેહેપારી વાણીયાઓ તેમાં નફો ખાવા દોડતા નથી આ બે મોટી મુસીબતો ત્યાં છે.

સર્વને ચડતી પડતી છે તેમ ઇડરના મુલકમાં એ બે મુસીબતો આજ સુધી પોતાનું સર્વ રાજ્ય કરી બેઠી છે તેમને પ્લેગનો રોગ લાગી બંને મુસીબતો મરી જશે એવું ભવીષ્ય કહેવામાં હરકત નથી ? કેમકે માનવંતા મહારાજા ધીરાજ સર પરતાપસંગજી જે આપણી માનવંતી વડી સરકારમાં કરનલ વીગેરેના માનવંતા ઇલકાબો ધરાવે છે તેથી તેમને નાણાંની મુસીબત વાળુ ઇડર સ્વસ્થાન સોંપવામાં આવ્યું તે માટે નાણાંની હાલત સુધારવા વગર તે સ્વસ્થાનમાં પોતાના બનાવેલાં મહારાજાને શાંતી કેમ થાય તે વીચાર વડી સરકારમાં થશે.

જાણ્યા પ્રમાણે ચીન દેશે પોતાની નાણાંની મુસીબતો યુરોપ અને અમેરીકામાં શોરટીઓ કાઢી પુરી કરવાનો જે ઠરાવ કર્યો છે તેમજ ઇડરને પણ નાણાંની ભીડમાંથી દુર કરવા આપણે આશા રાખીસું કે સોરટીઓ સીવાય બીજો સહેલો રસ્તો નથી માટે નાણાની ભીડ મટાડવા મહારાજા ધીરાજ સરપતાપસંગજી સોરટીઓ કાઢી યુરોપથી ધન લાવવાના મારગને પોતાના લાગ વગથી ઉઘાડો કરી ખેતીને લાભ કરી ઇડરના મુલકને શોભા વશે

કોળી ભીલ રજપુત અને સરદારોને લસ્કરમાં કામ કરવાની લાયકાત વાલા બનાવી વડી સરકારના લસ્કરમાં નોકરી કરવાની ટેવ પાડી ઇડરમાં ધન આવતું કરી લુંટ ચોરીનો જે ધંધો ચાલેછે તે બંધ કરી વાણીયા વેપારી વેપાર કરવા. આવે તેનો નીરભે મુલક કરવાથી ખેતી ખીલી નીકલશે અને કાઠીયાવાડ તથા કચ્છમાં તેમનો વાદ કરી ત્યાંના સરદારોને અને તેમના ભાયાતો ને વડી સરકારના લસ્કરની નોકરીના સવાદીયા થઇ જશે તેથી ખેતીને લાભ છે આ આપણા સર્વ સુખની આશા માહારાજા સર પરતાપસંગજીની મરજીપર અને દયાપર આધાર રાખે છે.

જે આશાઓ રાખી છે તેનો અમલ થઈ લાભ મળવાનુ જે સાધન છે તે મેળવવું એ તો ઘણુ મુસ્કેલ છે કેમકે તેમાં રાજસત્તાની મંજુરીની જરૂર છે અને તે સહેલાઇથી મંજુરી મળે એ ધારવું યોગ્ય નથી.

પરંતુ હાલમાં જે વીદ્વાનો થયા છે તેઓને ઇશ્વર એવી પ્રેરણા કરે કે હાલમાં તેઓ પોતાના જે ધંધા કરતા હોય તે જારી રાખી વીશેસમાં પહાડ, પર્વત અને ટેકરાઓ વીગેરેમાં ભેજા વીગેરેના અનેક લાભવાળા નફો મેળવવાના ઠેકાણા છે. ત્યાં ખેતી કરવાના—ઢોર જાનવર ઉછેરવાના અને વૃક્ષો ઉત્પન કરવાના કારખાના ઉભા કરવા અને તે કારખાના ચલાવવામાં જે નાણાંની જરૂર તે હાલમાં જેમ કાપડ સુતર વીગેરેની મીલો ઉભી કરવામાં કંપનીઓથી થાપણ ભેગી કરવામાં આવે છે તેમ કંપનીઓ ઉભી કરી થાપણ ઉભી કરે તો તેમાં નીચે મુજબના નફા સમાયા છે. અને સતભાયગે પુનાના વીદ્વાનોમાંથી કંપની કરી સીંહાદ્રીના પર્વતોમાં કારખાનુ ઉભુ કરી લાભ લે છે તે એક અખતરો છે.

૧ વીદ્વાનો આવી થાપણ ભેગી કરવામાં આગેવાન થાય એટલે તેમની કાબીલીયતોથી લોકોમાં તેમનુ જે માન છે અને શરકાર પણ તેમને સમજુનું માન આપે છે. તેથી કોઇને અવિશ્વાસ રાખવાનું કારેણ નથી તેથી તુરત થાપણ ભેગી થવાની અને તેઓ નીતીમાન અને સારી નીષ્ટાના એથી તે મુંડીનો ગેર ઉપયોગ થવાનો નહીં અને સારો વેહેપાર ચાલવાથી નફો મળવાનોજ.

૧ વળી તેઓ વીદ્વાનો હોવાથી મુળમાંજ એવુ ઉત્તમ કામ ઉત્તમ નીમથી આરંભવાના કે તેમાં કોઇ પ્રસંગ એવો નહી આવવાનો કે તેમને કોઇ પ્રકારનો કોઇ પ્રસંગમાં વાંધો પડી દીવાની કોરટના કજીયામાં ઉતરી દીવાના બની નાણાંની ખરાબી કરવી પડે. કદાપી તેઓ ટંટો આવેતો તુરત તેઓ પોતે સમજીને કે લવાદથી નીકાલ ઉપર આવી જવાના.

૧ વળી તેઓ વીદ્વાન અને રાજસત્તાના કાયદા કાનુનોથી જાણીતા એટલે તેઓ અને તેમના કારખાનામાં કામ કરનાર કામદારો કાયદા કાનુનને માન આપનાર નીતીમાન થઇ રાજભકત રહેવાના અને થવાના—તેમજ રાજકામદારો જુલમી વહીવટ કરે છે તેવુ બોલવાનો પ્રસંગ આવવાનો નહી કેમકે બંને પારટી વીદ્વાન અને કાયદા કાનુનથી જાણીતી૰

૧ દેશી રાજસત્તાના અમલમાં કેટલીક જમીન એવી પડી છે કે તેનો ઉપયોગ થતો નથી અને દેશી રાજાઓ પોતાના ઠીયા સીદ્ધાંતી વીચારથી તેમ રહેવા દે છે તે સમજી લેવાં અગર તેમાં તેઓ જે નફો

માનતા હોય તે નક્કી ખરો છે કે કેમ તે એ વીદ્વાનોના સમજવામાં
વશે. અગર વીદ્વાનો દરેક કામ કરવાની યોગતાવાળા મનાય છે તે
દેશી રાજસત્તાવાળાને પોતાના વીચાર મનાવી પોતે હાથ ધરેલો વેપા
લાવશે, તો દેશને લાભ થશે અને રાંજસત્તા અને વીદ્વાન બંને પા:
સત્ય કોનુ છે તે તરી આવીને નક્કી થશે સતભાગ્યે હજી સુધી વી
ને અનુભવ કરવાને દેશમાં કોલેજ રૂપે જગ્યાઓ રહી છે તેમાં ગુ
તના વીદ્વાનોંને વાંસવાડાની કોલેજ ઘણી નજીકમાં છે,

૧ વળી જે અસુધરેલી રીતે રહેલા મનુષ્યો એમના કારખાનામ
મ કરવા આવવાથી તેઓ સુધરશે અને તેથી તેમનુ કારખાનુ જે
ઉપર હશે તે વભા પ્રમાણે અનુભવી સ્કુલ કે હાઇસ્કુલ કે કોલેજ
ની અગર ભુત કાળના રૂષીઓની તે વીદ્યાશાળા ગણાવાની.

૧ વળી તેમનામાં એટલે અસુધરેલામાં જો કોઇ પ્રકારની કલા હુન્નર
કે બીજી કોઇ ઉપયોગી વાત હશેતો તેઓ આપણા ઉપર વીશ્વાસ કરવા
થી તે આપણને કહેશે અગર બતાવશે એટલે આપણા જાણવામાં આ-
વશે કેમકે આપણને એમ પણ શંકા છે કે તેઓને વનસ્પતિનુ સારૂ જ્ઞાન
છે અને તેમાંથી તેઓ દવા વીગેરે સારૂ કરી શકે છે તેથી તેના પુસ્તકો
આપણે બનાવી શકીશુ.

એવા અસુધરેલામાં કારખાના કરવાથી અસુધરેલામાં જે અનીતી
ચાલે છે તે અટકશે, લુટ, ચોરીઓ તેમજ મનુષ્ય વધ થાય છે તે અ-
ટકશે પ્રાણીઓ ઉપર નીર્દયતા વપરાય છે તે બંધ પડશે અને દુરાચારો
અટકશે તેથી દુરાચારથી જે અઘોર કર્મ થઈ નુકશાન થાય છે તે અટ-
કશે એ મોટુ અને સર્વ ધર્મને માન્ય એવુ જે પુન્યનુ કામ છે તે થશે.
એ રીતે અનેક લાભો તેમાં સમાયા છે અને દરેક ઉદ્યમ તેમાંથી નીકળે
તેવુ છે અને અનેક લોકોનો રોજગાર તેમાંથી મળે તેવું છે ભુખમરો
નાશ પામવાનુ એક ઉત્તમ સાધન છે.

ખેતીવાડીના ઉપદેશક,

આદીતરામ સલુખરામ પારખી સમીવાળા.

અમદાવાદ—રાયપુર આકાશેઠના કુવાની પોળ.